ભંગાર વાહનોનો ખડકલો પોલીસ માટે શિરદર્દ સમાન

પોલીસે જપ્ત કરેલા ચોરીના વાહનો, ડીટેઈન કરાયેલા બિન-વારસી વાહનો અને ગુનાહિત પ્રવૃત્તિમાં ઝડપાયેલા વાહનોનું પોલીસ શું કરતી હશે તે જાણવું હોય તો એકવાર સે. ૬માં પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ આવો. આવા અઢળક વાહનોનો ખડકલો તમને જોવા મળશે. તદ્દન નવાથી લઈને ખખડધજ થઈ ગયેલા દરેક પ્રકારના વાહનો અંતે તો પોલીસના કબ્જામાં ધૂળ ખાઈ રહ્યાં છે. ઘણાના હજુ કેસ અદાલતમાં ચાલુ છે તો ઘણા કેસના નિકાલ આવી ગયા પરંતુ કોઈ વાહન પરત લેવા દાવો નથી કરી રહ્યું. અનેકવાર કોર્ટના આદેશથી આવા વાહનોની હરાજી પણ કરવામાં આવે છે. જો કે હરાજી ના થાય ત્યાં સુધી આ વાહનોનો ખડકલો આમ જ ધૂળ ખાતો પડી રહે છે. પોલીસકર્મીઓ પણ ઘણીવાર આ ખડકલાને જોઈને મનોમન અકળાતા હોય છે કે આનો જલદી નિકાલ આવે તો સારૂ. ઘણા વાહનોના ટાયર સહિત અન્ય પાર્ટસ ચોરી થવાની પણ ઘટના બનતી હોય છે તેથી આ વાહનોને સાચવવા પોલીસ માટે શિરદર્દ સમાન છે. પોલીસકર્મીઓ તો ઈચ્છે છે કે કોઈ અલગ કાયદો બનાવી આ પ્રકારના વાહનોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તો સારૂ.

(તસવીર : કશ્યપ નિમાવત)

શું એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષક પ્રત્યે શિક્ષણ વિભાગ માનવતા નહી દર્શાવે ?

જ્યાં સુધી મને ન્યાય નહીં મળે ત્યાં સુધી પાછો જઈશ નહી, ભલે મારો જીવ જાય : મહંમદ ફૈયાઝ મુન્શી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ઘ-૩ સર્કલ નજીક સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલ પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મહંમદ ફૈયાઝ મુન્શીએ ચિમકી ઉચ્ચારી છે કે 'જ્યાં સુધી મને ન્યાય નહી મળે ત્યાં સુધી હું અહીંથી હટીશ નહી પછી ભલે મારો જીવ જાય' જુનાગઢમાં રહેતા અને ૩૮ કિમી દૂર ચાંપરડા ગામે શિક્ષકની ફરજ બજાવતા આ પ્રજ્ઞાચક્ષુ શિક્ષક છેલ્લા બે વર્ષથી તેમની શહેરી વિસ્તારમાં બદલી કરવાની પડતર માંગણીને લઈને ઉપવાસ પર ઉતર્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સરકારમાં અનેકવાર નાના કર્મચારીઓથી માંડીને મોટા અધિકારીઓ અને સચિવોની બદલીઓ થતી હોય છે અને કરવામાં પણ આવતી હોય છે. આ બદલીઓમાં ક્યારેક માનવતાના ધોરણે પણ કર્મચારીઓને વતનનો અથવા ઈચ્છિત સ્થળનો લાભ આપવામાં આવતો હોય છે. પરંતુ મહંમદ ફૈયાજના કિસ્સામાં તેઓ અંધ હોવા ઉપરાંત તેમને માથે માનસિક રીતે અસ્થિર અંધ ભાઈ અને બિમાર માતા તેમજ વિકલાંગ પત્નિની જવાબદારી હોવા છતાં શિક્ષણ ખાતા દ્વારા માનવતાના ધોરણે બદલીની માંગ પુરી કરવામાં નથી આવતી તે ખેદજનક છે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં નોકરીના સ્થળે ૩૨ કિમી બસનો પ્રવાસ અને ૫ કિમી પગપાળા ચાલીને અપડાઉન કરતા આ શિક્ષકના આ શારિરિક શ્રમને ભલે મહત્વ ન અપાય પરંતુ તેમની કૌટુબિંક મજબુરીને તો ધ્યાને લેવાય કે નહી ? જો શિક્ષણખાતુ પોતે જ માનવતાને અવગણે તો આગામી પેઢીને માનવતાના પાઠ ભણવા ક્યાં જવાનું રહેશે તે વિચારવા જેવું છે.

ખરેખર તો આવા અપવાદરૂપ કિસ્સામાં અરજદારની શારિરિક ખોડખાંપણ ઉપરાંત સામાજિક જવાબદારી ધ્યાને રાખીને જો શિક્ષણખાતા દ્વારા ઉદારતા દાખવવામાં આવે તો ભાગ્યે જ કોઈ કર્મચારીને આ બાબતનો વિરોધ ઉભો થાય. આટ આટલી મજબુરીઓ સાથે પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને આટલે દૂર-સૂદૂર સુધી આવી એક માંગણીને લઈને આમરણાંત ઉપવાસ પર બેસવુ પડે એ જ આપણી વ્યવસ્થાની નિષ્ફળતા દર્શાવે છે. સરકારે જાતે રસ લઈને બને તેટલી ત્વરાથી એક લાચાર, મજબૂર અને શારિરિક વિકલાંગતા ધરાવતા શિક્ષકને યોગ્ય ન્યાય આપવા તેમની માંગણીને સત્વરે સ્વિકારવી જોઈએ તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

ડભોડા ત્રણ રસ્તાથી ૨૦ પશુને કતલખાને લઈ જતી આઈશર પકડાઈ

૬ ભેંસો અને ૧૪ પાડાને બચાવી લઈ બે શખ્સોની ધરપકડ : બે વોન્ટેડ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક ડભોડા ત્રણ રસ્તા પાસેથી ચિલોડા પોલીસે બાતમીને આધારે ૨૦ પશુઓને આઈશર ટ્રકમાં ભરીને કતલખાને લઈ જવાતી આઈશર ઝડપી લીધી હતી. ૬ ભેંસો અને ૧૪ પાડાઓને બચાવી લઈ ચિલોડા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી લીધી છે જ્યારે ગુનામાં અન્ય બે નાં નામ ખુલતા તેમની શોધખોળ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડને મળેલી બાતમીને આધારે પીએસઆઈ જે.બી. ચાવડા તથા ટીમ ડભોડા ત્રણ રસ્તા પાસે વોચ પર બેસી ગયા હતા. દહેગામ તાલુકાનાં ધારીસણા ગામેથી આઈશર ટ્રક નં. જીજે ૧ બીટી ૧૦૪૫માં ૧૪ પાડા અને ૬ ભેંસ ભરીને દાણીલીમડા કતલખાને લઈ જવાઈ રહ્યા હતાં. પોલીસે વોચ ગોઠવીને મહંમદ ઈબ્રાહીમ મહંમદ ઈસાફ મુનસી અને ઈમરાન મહંમદ હુસેન શેખને પકડી પાડી ૨૦ પશુઓને બચાવી લઈ આઈશર ટ્રક જપ્ત કરી લીધી છે. આરોપીઓની પુછતાછ કરતા ધારીસણાના નાસીરે પશુઓ ભરી આપ્યાની અને દાણી લીમડાના યુસુફ અયુબ શેખે રાખ્યા હોવાની કબુલાત કરતા ગુનામાં ખુલેલા બંને નામની વ્યકતિઓ સામે પણ ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

સે. ૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે તા. ૧૬ જૂનના રોજ ધો. ૯ તથા ૧૧ની વિદ્યાર્થીનીઓને ધો. ૧૦ અને ૧૨માં પ્રવેશ અપાયા તે નિમિત્તે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં વિદ્યાર્થીનીઓને કુમકુમ તિલક કરી મોઢું મીઠું કરાવી આચાર્ય સંતોકબેન કે. ચૌધરી તથા કર્મયોગી બહેનોએ સમગ્ર વિદ્યાર્થીનીઓનું સ્વાગત કર્યું હતું. તથા તેઓનું ભવિષ્ય ઉજ્જવળ થાય તેવા આશીર્વાદ સાથે વિદ્યાર્થીનીઓને આવકારી હતી.

લૉ કોલેજમાં સેમેસ્ટર-૩ અને ૫ માં પ્રવેશ શરૂ

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૧૬ સિદ્ધાર્થ લૉ કોલેજમાં ૨૦૧૫-૧૬ શૈક્ષણિક વર્ષનું સત્ર શરૂ થઈ ગયું છે. ત્યારે સેમેસ્ટર-૩ અને ૫ માં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સમયસર પ્રવેશ મેળવી લેવા કોલેજના આચાર્યએ જણાવ્યું છે.

સેક્ટર-૧૩ સેવા વસ્તીમાં દફતર વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર યુવા પાંખ દ્વારા સે. ૧૩ની સેવાવસ્તીમાં ચાલતા પ્રશિક્ષણ કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દફતરો તથા અભ્યાસને લગતી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગત ૧૪ જૂનને રવિવારના રોજ ગાંધીનગર યુવા પાંખના સભ્યોએ ભગીરથ કાર્ય હાથ ધર્યો હતો. ભારત વિકાસ પરિષદ દ્વારા આર્થિક સ્થિતિ નબળી હોય તેવા બાળકોને પ્રોત્સાહન આપી આગળ લાવવા માટેનો પ્રયાસ કર્યો હતો.

કોલવડામાં એક મકાનમાંથી દારૂની બોટલો મળી

ગાંધીનગર પાસેના કોલવડા ગામમાં કન્યા શાળાની બાજુમાં સ્થિત રાવળ વાસમાં એક મકાનમાં દારૂની બોટલો પડી હોવાની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ દરોડો પાડી મકાનમાંથી ૭ બોટલ ઝડપી પાડી છે. રૂ. ૨૮૦૦ ની કિંમતની બોટલો જપ્ત કરીને પોલીસે રાજુ અમરત રાવળ નામના શખ્સની ધરપકડ કરી લીધી છે. જ્યારે નરેશ રઈજી રાવળ હજુ ફરાર છે. ઉલ્લેખનીય છે કે બુટલેગર નરેશ રાવળ તાજેતરમાં પકડાયેલા દારૂના કેસમાં પણ વોન્ટેડ હતો.

હેત જાની માઉન્ટરીંગની તાલીમમાં જોડાશે

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે રહેતા અને સેક્ટર-૨ ૩માં શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલયમાં ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં અભ્યાસ કરતો હેત જાની માઉન્ટ એવરેસ્ટ ઉંચાઈને સર કરવા માટેની તાલીમમાં જોડાવા નહેરૂ ઈન્સ્ટીટ્યુટ ઓફ માઉન્ટરીંગ, ઉત્તરકાશી જઈ રહ્યો છે. હેત જાનીમાં નાનપણથી જ બરફ આચ્છાદિત પહાડોમાં ટ્રેકીંગ કરવાની સાહસ કળા ખિલેલી છે. તાજેતરમાં નેપાળ ખાતે આવેલ ભયાનક ભુકંપની તબાહી જોયા બાદ પણ તેના સાહસિકપણામાં કોઈ જ ફરક પડ્યો નથી. તેનું મન માઉન્ટ એવરેસ્ટ ચડાણ માટે થનગનાટ અનુભવે છે. હેત જાનીએ ટેક વોન ડુમાં કરાટેમાં નેશનલ લેવલની સ્પર્ધામાં ફાઈટ કરી ચુક્યો છે. આ ઉપરાંત સ્વિમીંગમાં અન્ડર વોટર ૧૦૦ મીટરની લાઈન પસાર કરેલ છે. તેના આ સાહસિકપણાને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલયના ટ્રસ્ટીએ બિરદાવ્યો છે. આ ઉપરાંત શાળાના પ્રિન્સિપાલ અને સમસ્ત શાળા પરિવાર તેને માઉન્ટરીંગની તાલીમમાં જોડાવવા પ્રોત્સાહન સહ શુભેચ્છાઓ પાઠવે છે.

કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ નહિ આવે તો ગાંધીનગરથી દિલ્હી સુધી આંદોલન થશે

કર્મચારી મહામંડળની સામાન્ય સભામાં આહ્વાન કરવામાં આવ્યું : નિવૃત્ત અને નવ નિયુક્ત હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય કર્મચારી મંડળ કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈને દિલ્હીના જંતરમંતર ખાતે ધરણા આંદોલન કરશે. સરકાર જો કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ નહિ લાવે તો આંદોલનનો માર્ગ એજ કલ્યાણ અપનાવાશે તેમ મહામંડળના આર.એ. પટેલે જણાવ્યું હતું.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ભવન ગાંધીનગર ખાતે આજે કર્મચારી મહામંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પડતર પ્રશ્નો બાબતે કર્મચારીઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. કર્મચારીઓને ઉચ્ચ પગાર ધોરણ ૧૦,૨૦ અને ૩૦ વર્ષના આપવામાં આવે. છઠ્ઠા પગાર પંચના બાકી ભથ્થા હજુ પણ આપવામાં આવ્યા નથી. તેમજ નિવૃત્તી મર્યાદામાં વધારો કરી ૬૦ વર્ષ કરવામાં આવે સહિતના પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જો સરકાર દ્વારા આ બાબતે નિર્ણય નહિ લેવામાં આવે તો ગાંધીનગરથી લઈને દિલ્હીના જંતરમંતર આંદોલનાત્મક ધરણા કરવામાં આવશે.

સભામાં વય નિવૃત્ત હોદ્દેદારોનો તેમજ નવનિયુક્ત હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ સરકારી મંડળોના ૧૭૦ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કન્વીનર ગિરીશભાઈ રાવલનું વય નિવૃત્ત થતા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહામંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આજથી વાસણ મહાદેવ ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

વાસણ મહાદેવના શ્રી કૃષ્ણાનંદ મહામંડળ ભકતમંડળ દ્વારા ગામ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા તા. ૧૭ થી ૨૩ જૂન સુધી દરરોજ રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન ગામના હોળી ચકલા ચોક ખાતે યોજાશે. કથાનું રસપાન ગોસ્વામી સંજયભારતી બાપુ કરાવશે. કથાનું શ્રવણ કરવા ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૭.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૫૭ ટકા

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
હમારી અધુરી કહાની : ૩૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
હમારી અધુરી કહાની : ૧૨.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
દિલ ધડકને દો : ૬.૩૦

સ્ક્રીન-૩ :
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૩ડી : ૧૨.૧૫. ૭.૪૫
જુરાસિક વર્લ્ડ (અંગ્રેજી) ૩ડી : ૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૪૫, ૬.૪૫
દિલ ધડકને દો : ૩.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૫ :
હમારી અધુરી કહાની : ૧૦.૦૦, ૩.૪૫
દિલ ધડકને દો : ૧૨.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છ એ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

સિંહ : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્વ્યાપારીક-વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર-વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

● સ્વ. રાઠોડ પૂંજાજી પૂનાજી (ઉ.વ.૪૨) મુ. ચિલોડા, તા.જી. ગાંધીનગર